# શહેરમાં ચેઈન સ્નેચરો બેરોકટોક

## સે. ૨૧ દિગંબર જૈન મંદિરના પગથિયા પરથી એક મહિલાનો બે તોલાનો દોરો લુંટી ચાર શખ્સો સરકી ગયા : લુંટારૂઓ બાઈક અને એક્ટીવા પર આવ્યા હતા

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ચેઈન સ્નેચરોને હવે જાણે પોલીસનો સ્હેજ પણ ડર જ ન રહ્યો હોય`તમ લાગી રહ્યું છે. દરરોજ પાટનગરની એક મહિલાને બિન્દાસપણે ચેઈન સ્નેચરો લુંટી રહ્યા છે. ગઈ મોડી સાંજે વધુ એક મહિલાને આ શખ્સોએ ટાર્ગેટ બનાવી હતી. શહેરના સર્કલો પર તથા વિવિધ શોપીંગ સેન્ટરો સહિત જાહેર-ખાનગી એકમો પર લગાડેલા સીસીટીવી કેમેરામાં પણ આ શખ્સો કેદ થતા નથી તે પણ ચોંકાવનારી બાબત છે.

બે દિવસ અગાઉ રાત્રે એક જ સમયે શહેરના બે અલગ-અલગ વિસ્તારમાં મહિલાઓના દોરા લુંટાયા હતા ત્યાર બાદ ગઈ મોડી સાંજે પણ એક મહિલાના ગળામાંથી દોરાની લુંટ થવા પામી હતી. સે. ૨૧ વાસ્તુનિર્માણ સોસાયટીના પ્લોટ નં. ૫૧૬/૨ ખાતે રહેતા શાંતાબેન બાબુલાલ શાહ ગઈ સાંજે સે. ૨૧ દિગંદબર જૈન મંદિરના પરીસરના પગથિયા પર પહોંચ્યા હતા ત્યાર એક બાઈક અને એક સફેદ એક્ટીવા લઈને આવેલા ચાર અજાણ્યા શખ્સોએ મહિલાના ગળામાં પહેરેલો સોનાનો બે તોલાનો રૂ. ૪૦ હજારની કિંમતનો દોરો લુંટી લીધો હતો અને પળવારમાં ત્યાંથી ચારેય ભાગી ગયા હતા. સે. ૨૧ પોલીસે લુંટનો ગુનો દાખલ કરીને પી.આઈ. વાય.આર. મિશ્રાએ વધુ તપાસ શરૂ કરી છે.



એકાએક ગરમીએ પોતાનો અસ્સલ મિજાજ બતાવી દીધો છે. રસ્તાઓ બપોરના સમયે સુમસામ અને કાળ ભાસી રહ્યા છે. મનુષ્ય તો પોતાની રીતે આધુનિક યંત્રોનો ઉપયોગ કરી ગરમીમાં ઠંડીનો અહેસાસ કરી લે છે પરંતુ મુંગા અને અબોલ જીવોનું શું? ત્યારે આવી કાળઝાળ ગરમીમાં પોતાને બચાવવા માટે શ્વાન એક ઠંડા પાણીમાં બેસી ઠંડક મેળવી રહ્યો છે. ગરમીમાં હાંફતો-ફાંફતો આ શ્વાન ઠંડક મેળવવા પાણીની નાની કુંડીમાં બેસી રક્ષણ મેળવી રહ્યો છે. (તસવીર : દિલીપ પ્રજાપતિ)



### સરગાસણ સર્કલ પાસે કાર ઊંધા માથે થઈ !

ગાંધીનગર શહેરના ખ-માર્ગ પર સરગાસણ સર્કલ નજીક ગઈ મોડી સાંજે એક અલ્ટો કાર નં. જીજે-૧૮ એ.સી.૩૧૨૧ને અકસ્માત નડ્યો હતો અને ઈલેક્ટ્રીકના થાંભલા સાથે ટકરાઈને આખી કાર ઊધા માથે થઈ જવા પામી હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. કારચાલકને ઈજાઓ થતા હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો.

# વડીલો અને વસાહતીઓની મહેનતથી સેક્ટર-૩૦ સર્વોદયનગરના ખુલ્લા પ્લોટમાં બાલ ક્રિંડાગણ ઉભુ થયુ

## સેક્ટરના વડીલોએ કોમન પ્લોટને જાતે જ સાફ કરી વસાહતીઓ અને દાતાઓની સહાયથી સર્વોદયનગરમાં બાલક્રિંડાગણ બનાવ્યું

ગાંધીનગર, તા. ૨૭

વડીલોમાં સમાજ પરિવર્તનની શક્તિ રહેલી છે તે વાત સેક્ટર-૩૦ સર્વોદયનગરના વડીલો-નિવૃત્તોએ સાબિત કરી આપી છે. સેક્ટર-૩૦ સર્વોદનયનગરના ખુલ્લા પ્લોટમાં જ્યાં અગાઉ કચરાના ઢગ જામતા હતા તેને વડીલો જાતે સાફ કરી અહીં સુંદર બગીચો બનાવી દીધો છે અને બાળકો માટેના રમતગમતના સાધનો મુકાવતા બાળકોને ઘર પાસે જ રમવા માટે સુંદર સ્થળ પ્રાપ્ત થયું છે.

કચરાથી ઉભરાતા ખુલ્લા પ્લોટને સુંદર બગીચામાં ફેરવી નાંખવાના વિચાર બીજને સાકાર સ્વરૂપમાં ફેરવી નાંખવા માટે સેક્ટર-૩૦ સર્વોદનયનગરના વડીલોએ જરાય કચાશ રાખી નથી અને રાત દિવસની મહેનતથી સુંદર બગીચા-બાલક્રિંડાગણનું નિર્માણ કર્યુ છે. સેક્ટર-૩૦ સર્વોદયનગરમાં કચરાપેટી રાખવામાં આવતી તે ખુલ્લી જગ્યા વર્ષોથી અવાવરૂ પડી હતી. વસાહતીઓ તેનો ઉપયોગ કચરો નાંખવા માટે જ કરતા અહીંના એક નિવૃત્ત વડીલને વિચાર આવ્યો કે જંગલખાતા હસ્તકની આ જગ્યામાં બગીચો બને તો કેવું ?

જો કે વર્ષો પડેલા પણ આવા વિચારો લોકોએ કર્યા હતા પરંતુ સંજોગોવશાત અમલ થયો ન હતો. તે દરમિયાન એક રહીશને ઘેર પ્રસંગ આવતા તેણે આ પ્લોટનો થોડો ભાગ સાફ કરાવ્યો. આ પ્લોટ થોડોક સાફ થયો એટલે રોજ સાંજે બાંકડે બેસતા વડીલોને વિચાર આવ્યો કે ચાલો તે આખો જ પ્લોટ સાફ કરી નાંખીએ. અને બીજા જ દિવસથી એ વડીલ જવાનોએ પાવડા, સાવરણા લઈને પ્લોટ સાફ કરી નાંખ્યો. આજુબાજુમાંથી જો મહીલા વર્ગ કચરો નાખવા આવે તો આ વડીલો અહીં કચરો ન નાંખવાની વિનંતી કરે. આમ રહીશો અને મ્યુનિ.ની મદદની ચોખ્ખો ચણાક થઈ ગયો.



ત્યારબાદ શરૂઆત થઈ તેમાં થોડી જમીનમાં ફેન્સીંગ કરી બાળકોન રમવાના સાધનો મુકવાની. તેમાં પણ એક પછી એક દાતાઓ ઉભા થતા ગયા અને જોતજોતામાં સારૂ એવું ફંડ ભેગુ કરી વડીલોએ સરસ બગીચો બનાવી દીધો. અને રહીશો પણ એ જગ્યાને ચોખ્ખી રાખવામાં મદદ કરવા લાગ્યા.

શરૂઆતમાં થોડો વિરોધ પરંતુ પછી તો દાતાઓની લાઈન લાગી અને મેયર તથા ધારાસભ્ય અશોકભાઈ પટેલના સહયોગથી સુંદર બાગ તૈયાર થયો. સવારથી આ વડીલો કામે લાગી જાય. પછી રાત્રે પૈસા ઉઘરાવવા કે બળબળતા બપોરે મજુરો સાથે કામ કરવુ, આ બધાજ 'જવાનો' તૈયાર જ રહેતા. વડીલશ્રી પુરોહિતકાકા તથા નટુકાકા અને મનસુરીકાકા તો રાત-દિવસ એક જ કામ કરે. ઘણા વડીલોએ આંબા વાવ્યા અન્ય વૃક્ષો પણ વાવ્યા. આ બાગથી સમગ્ર સર્વોદયનગરને ફાયદો થયો છે.

એક સમયે જ્યાં માત્ર કચરો નાંખવા જ મહિલા વર્ગ જતો તે સ્થળ આજે સવાર-સાંજ બાળકો, વડીલો અને વસાહતીઓથી ઉભરાય છે. સુંદર બાગનું સ્વપ્ન જોનારા વડીલો આજે તેમના આ સ્વપ્નને જીવી રહ્યા છે તથા બગીચાની દેખરેખ રાખી રહ્યા છે. ખરેખર સેક્ટર-૩૦ સર્વોદયનગરના વડીલોએ યુવાનો અને નિવૃત્તી પછી કામ કરવાનો ઉત્સાહ પડતો મુકનાર વડીલો માટે ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

## ચૈત્રી નવરાત્રી ધાર્મિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૭

● સેક્ટર-૨૩ માઈ મંડળ દ્વારા આનંદનો ગરબો આજે શનિવારે બપોરે ૨.૩૦થી ૪.૩૦ કલાક દરમિયાન સે-૨૩ સ્થિત શિવ શકિત મંદિર ખાતે યોજાશે. તેમજ રત્રે ૮.૩૦થી ૧૦.૩૦ વાગ્યા દરમિયન ઘાટલોડીયા, અમદાવાદ ખાતે યોજાશે.

● જય બુટ બવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો અલકાબેન બ્રહ્મભટ્ટના નિવાસ સ્થાન પ્લોટ નં. ૩૨૦/૨, સેકટર-૪-બી, ગાંધીનગર ખાતે બપોરે ૩ થી ૬ વાગ્યા દરમિયાન યોજાશે.

● ભાવનાબેન ગોકલાણીના મધુરકંઠે આનંદનો ગરબો આજે શનિવારે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન કોકિલાબેન જે. ઠક્કરના નિવાસસ્થાન, યોગેશ્વર પાર્ક, નાગલપુર રોડ, મહેસાણા ખાતે યોજાશે.





ચૈત્રી આઠમ પર્વ નિમિત્તે સેક્ટર-૧૩ સ્થિત લીંબચમાતાના મંદિરે ધજા ચઢાવવામાં આવી હતી અને હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)



વિશ્વ રંગભૂમિ દિન પ્રસંગે નગરની કલા સંસ્થા જી.ઈ. ક્લબ દ્વારા મા સરસ્વતીની અને નટરાજનની પૂજા કરવામાં આવી હતી. સંસ્થાના કલાકારો દ્વારા 'હાસ્યાયૈન' નાટ્ય પ્રયોગ રજુ કરવામાં આવ્યો હતો. (તસવીર : કશ્યપ નીમાવત)

### કલોલ તેજાનંદધામ ખાતે રામ જન્મોત્સવની ઉજવણી

કલોલ સ્થિત તેજાનંદ ધામ ખાતે આજે રામ જન્મોત્સવની ધૂમધામથી ઉજવણી કરવામાં આવશે. કલોલ આઈ.ટી.આઈ. પાસે આવેલ તેજાનંદ ધામમાં રામ જન્મોત્સવ નિમિત્તે ગાયત્રીયજ્ઞ યોજાશે. સવારે ૯.૦૦ વાગે રામચંદ્રજીનું પૂજન, ૧૦.૦૦ વાગે તેજાનંદ સ્વામિનું પૂજન અને ગાયત્રી યજ્ઞ તેમજ બપરોરે ૧૨.૦૦ વાગે રામ ભગવાનની મહા આરતી અને પ્રસાદ લેવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

### સેક્ટર-૩-ડીના રામજી મંદિરે સત્સંગ કાર્યક્રમ યોજાશે

સેક્ટર-૩-ડી ગાંધીનગરના રામજી મંદિરે ચૈત્રસુદ-૯ના શનિવારે રામનવમી નિમિત્તે ભજન સંત્સંગ આયોજન કરવામાં આવેલ છે. સેક્ટર-૩-એન્યુ કબીરકૃપા ભજન મંડળ દ્વારા સત્સંગ કાર્યક્રમ યોજાશે. સેક્ટર-૩-ડી ગાંધીનગર રામનવમીના દિવસે સવારે ૮ વાગે આરતી-પૂજા અર્ચન થશે. રાત્રે નવ કલાકે ભજન સંતવાણી કાર્યક્રમ યોજેલ છે.

### આજે જમાલપુર જગન્નાથજી મંદિરે રામ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાશે

અમદાવાદના સુપ્રસિધ્ધ જગન્નાથજી મંદિર ખાતે તા. ૨૮મી માર્ચ શનિવારે રામનવમી નિમિત્તે રામજન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે અખંડ રામાયણના પાઠ કરાશે અને સુંદરકાંડ તથા મહાઆરતી યોજાશે. જગન્નાથજી મંદિરે યોજાનારા રામ જન્મોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે રાજયના આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલ અને અતિથિ વિશેષ તરીકે સાબરમતી રીવરફ્રન્ટના ચેરમેન સુરેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે બપોરે ૧૨.૧૫ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

### સેક્ટર-૧ ગાયત્રી મંદિરે ૧૧ કુંડી ગાયત્રી યજ્ઞ યોજાશે

સેક્ટર-૧ ગાયત્રી શક્તિપીઠ ખાતે ૧૧ કુંડી ગાયત્રી યજ્ઞ યોજાશે. આગામી તા. ૨૯ માર્ચ રવિવાર, સવારે ૮ થી ૧૧.૩૦ કલાક દરમિયાન મહાયજ્ઞ કરવામાં આવશે. ચૈત્રી નવરાત્રીની પૂર્ણાહુતિ નિમિત્તે યોજેલ મહાયજ્ઞમાં નગરજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

### આજે સેક્ટર-૨૯માં સુંદરકાંડ પાઠ

રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડ આજરોજ શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે બાલ કિર્તનકાર હિરલ ગોસ્વામી અને ગોસ્વામી દિલીપભારતીની વ્યાસપીઠે સુરેશ પટેલના નિવાસસ્થાન, પ્લોટ નં. ૪૦૦, જાનકી એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૯ ખાતે યોજાશે. ભક્તોને પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૭
સૂર્યાસ્ત : ૬.૫૪

### તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૩૨ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**સ્ક્રીન-૨ :**

ડ્રેગન બ્લેડ (ઇંગ્લીશ) ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સિટીપલ્સ**

**: સ્ક્રીન-૨ :**

એન. એચ-૧૦ : ૧૦.૦૦

અગ્નિ પરીક્ષા : ૯.૦૦

**સ્ક્રીન-૩ :**

ડ્રેગન બ્લેડ (ઇંગ્લીશ) : ૨.૪૫, ૫.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

એન. એચ-૧૦ : ૧૨.૩૦

**સ્ક્રીન-૪ :**

હંટર : ૧૨.૪૫, ૧૦.૦૦

બરખા : ૧૦.૦૦, ૩.૪૫

એન.એચ-૧૦ : ૬.૪૫

**સ્ક્રીન-૪ :**

કેનવાસ (ગુજરાતી) : ૯.૦૦

બરખા : ૧૨.૩૦

એન.એચ-૧૦ : ૩.૩૦

હંટર : ૬.૦૦

### આપની આજ

**મેષ** : મનોકૂળ કાર્ય થવાનો યોગ. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

**વૃષભ** : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

**કર્ક** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય.

**સિંહ** : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય.

**કન્યા** : કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

**તુલા** : નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય.

**વૃશ્ચિક** : સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

**ધન** : સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**મકર** : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય.

**કુંભ** : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. રાજકીય ક્ષેત્રે પદ-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

**મીન** : આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. સજનબેન કાન્તિજી ઠાકોર (ઉ.વ.૫૫) મુ. રાધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ખાંટ મહેશજી તલાજી (ઉ.વ.૨૯) મુ. બોરીજ, ખાંટ વાસ, તા.જી. ગાંધીનગર